# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) અર્થશાસ્ત્રી અશોક કુમાર લાહિરીને નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નીતિ આયોગ ભારતના નીતિ-નિર્માણ માળખાના એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી આવ્યો છે.

3) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે.

5) છત્તીસગઢની મહિલા માઓવાદીઓ સહિત 47 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

6) IPL ક્રિકેટમાં જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ સામે મુકાબલો ચાલુ.

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NITI AAYOG - NEW VICE CHAIRMAN

અર્થશાસ્ત્રી અશોક કુમાર લાહિરીને નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ વર્તમાન ઉપાધ્યક્ષ સુમન કે. બેરીનું સ્થાન લેશે. શ્રી લાહિરીની સાથે, સરકારે રાજીવ ગૌબા, કેવી રાજુ, ગોબર્ધન દાસ, એમ. શ્રીનિવાસ અને અભય કરંદીકરને નીતિ આયોગના પૂર્ણ-સમયના સભ્યો તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી લાહિરી એક અનુભવી નીતિ નિર્માતા છે અને અગાઉ ભારતના 12મા મુખ્ય આર્થિક સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે 15મા નાણા પંચના સભ્ય તરીકે પણ સેવા આપી છે અને વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં વરિષ્ઠ હોદ્દાઓ સંભાળ્યા છે.

# PRIME MINISTER - NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નીતિ આયોગ ભારતના નીતિ-નિર્માણ માળખાના એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી આવ્યો છે. તે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા, સુધારાઓને આગળ વધારવા અને જીવનની સરળતા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે નીતિ આયોગ વિવિધ ક્ષેત્રોમાં નવીનતા અને લાંબાગાળાની વ્યૂહાત્મક વિચારસરણી માટે ગતિશીલ મંચ તરીકે સેવા આપે છે.

નીતિ આયોગના નવનિયુક્ત ઉપાધ્યક્ષ, અશોક કુમાર લાહિરી આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રીને મળ્યા. બેઠક દરમિયાન, શ્રી મોદીએ શ્રી લાહિરીને તેમની નિમણૂક બદલ અભિનંદન આપ્યા. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે શ્રી લાહિરીના પ્રયાસો દેશમાં નીતિ-નિર્માણમાં નવી ઉર્જાનો સંચાર કરશે.

# VAISHNAV - BULLET TRAIN PLANT

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે બેંગલુરુમાં BEMLના આત્મનિર્ભર હાઇ-સ્પીડ બુલેટ ટ્રેન ઉત્પાદન પ્લાન્ટ, આદિત્યનું ઉદ્ઘાટન કર્યું. આકાશવાણી અને દૂરદર્શન સાથે વાત કરતાં, તેમણે જણાવ્યું હતું કે પ્રથમ પ્રોટોટાઇપ આવતા વર્ષે તૈયાર થશે, અને ઉત્પાદન 2027 ના અંતમાં શરૂ થશે. તેમણે જાહેરાત કરી કે બેંગલુરુ-મેંગલુરુ-મડગાંવ વંદે ભારત સેવા આગામી થોડા મહિનામાં શરૂ થશે.

(BYTE : VAISHANAV)

# WB ELECTION CAMPAIGN

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે, તમામ મુખ્ય પક્ષોના નેતાઓ મતદારોને આકર્ષવા માટે રાજ્યનો પ્રવાસ કરી રહ્યા છે. વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ રોડ શો, રેલીઓ અને સભાઓને સંબોધી રહ્યાં છે. બીજા તબક્કાનું મતદાન આ બુધવારે યોજાશે.

પૂર્વ બર્દવાનના જમાલપુરમાં એક રેલીને સંબોધતા, ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે વચન આપ્યું હતું કે જો તેમનો પક્ષ સત્તામાં આવશે, તો સમાન નાગરિક સંહિતા અને સાતમા પગાર પંચનો અમલ કરવામાં આવશે.

**(BYTE : AMIT SHAH)**

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ મમતા બેનર્જી અને અભિષેક બેનર્જીએ પક્ષની કાનૂની લડાઈ પર પ્રકાશ પાડ્યો. તેમણે કેન્દ્ર સરકાર પર વિકાસ ભંડોળ રોકવાનો પણ આરોપ લગાવ્યો.

શ્રીરામપુરમાં પ્રચાર કરતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે તેમનો પક્ષ બંધારણ અને એકતા માટે પ્રતિબદ્ધ છે.

**(BYTE : RAHUL GANDHI)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# GUJARAT STATE LOCAL ELECTION

ગુજરાત રાજ્યમાં આવતીકાલે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાઓમાં પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટા-ચૂંટણી માટે મતદાન યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ મતદાન મથક પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી મુક્ત, ન્યાયી અને પારદર્શક રીતે યોજવા ચૂંટણી તંત્ર અને પોલીસ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી થવા મતદારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં આવતીકાલે 48 હજાર 450 મતદાનમથક પર યોજાનારા મતદાન માટે 92 હજાર 583 પોલીસ અને એક લાખ આઠ હજાર 188 જેટલા ચૂંટણી કર્મચારીઓ તહેનાત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે 9 હજાર 263 બેઠકો પર 25 હજાર 537 ઉમેદવારો મેદાનમાં છે. કુલ 48 હજાર 450 મતદાન મથકો પર યોજાનાર મતદાનમાં 4 કરોડ 8 લાખ 16 હજાર 713 મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નૅટવર્ક પર આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે. જ્યારે A.I.R. ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ્સ પર "મન કી બાત" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું પ્રસારણ કરાશે.

# TELANGANA MAOISTS - SURRENDER

તેલંગાણા પોલીસની હાજરીમાં આજે હૈદરાબાદમાં છત્તીસગઢની કેટલીક મહિલા માઓવાદીઓ સહિત આશરે 47 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. છત્તીસગઢના દક્ષિણ બસ્તર વિભાગના આ માઓવાદીઓએ પોલીસ મહાનિર્દેશક - ડીજીપી શિવધર રેડ્ડી સમક્ષ આત્મસમર્પણ કર્યું. આ પ્રસંગે, શ્રી રેડ્ડીએ જણાવ્યું કે શરણાગતિ સ્વીકારનારા માઓવાદીઓએ તેમના કબજામાં રહેલા 32 શસ્ત્રો પોલીસને સોંપ્યા. તેમણે જાહેરાત કરી કે શરણાગતિ સ્વીકારનારાઓને કેન્દ્ર સરકારની પ્રોત્સાહન યોજનાઓ અને મફત આરોગ્ય કાર્ડ તેમજ 20 લાખ રૂપિયાનું પુનર્વસન પેકેજ પૂરું પાડવામાં આવશે. તેમણે કહ્યું કે વર્ષ 2026 માં તેલંગાણામાં અત્યાર સુધીમાં કુલ 260 ભૂગર્ભ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

# ARAGHCHI-PAKISTAN

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આજે ઇસ્લામાબાદમાં પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરી. ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર જાહેર કરેલા એક વીડિયો મુજબ, આ બેઠકમાં ઈરાનના નાયબ વિદેશ પ્રધાનમંત્રી કાઝેમ ઘરીબદી અને રાજદૂત રેઝા અમીરી મોગદમ પણ હાજર રહ્યા હતા. દૂતાવાસે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે શ્રી અરાઘચીએ સેના પ્રમુખ સાથે મુલાકાત કરી હતી. જોકે, વાતચીતની વિગતો આપવામાં આવી નથી. પાકિસ્તાન તરફથી , ગૃહ મંત્રી મોહસીન નકવી અને અન્ય અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો.

અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાતચીતની હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી. અમેરિકાએ જણાવ્યું છે કે અમેરિકાના ખાસ દૂત સ્ટેપન વિટકોફ અને જેરેડ કુશનર આજે ઈરાન સાથે વાતચીત માટે પાકિસ્તાન જઈ રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે 11 અને 12 એપ્રિલના રોજ યોજાયેલી વાટાઘાટોનો પ્રથમ તબક્કો મડાગાંઠ પર પહોંચી ગયો. ઈરાન સાથે યુદ્ધ 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓ સાથે શરૂ થયું હતું.

# WEATHER - SEVERE HEAT GUIDE

દેશના વિવિધ ભાગોમાં તાપમાનમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, હવામાન વિભાગે તીવ્ર ગરમીનો સામનો કરવા માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. ઉત્તરપશ્ચિમ, મધ્ય અને દ્વીપકલ્પીય ભારતમાં મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહે છે. મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા પાંચ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ હોય છે. તીવ્ર ગરમી જાહેર આરોગ્ય પર પણ નકારાત્મક અસર કરી રહી છે, જેના કારણે લોકો ડિહાઇડ્રેશન, હીટસ્ટ્રોક અને અતિશય ગરમીનો ભોગ બની રહ્યા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આ મહિનાની 27મી તારીખ સુધી ઉત્તરપશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી સાત દિવસ સુધી પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભમાં ગરમીની સ્થિતિ ચાલુ રહેશે.

# REV. EVE. IPL

આઇપીએલ ક્રિકેટમાં, જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ નો,સનરાઇઝર્સ હૈદરાબાદ સામે મુકાબલો શરૂ થયો છે. સનરાઇઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. હમણાં મળતા અહેવાલ અનુસાર રાજસ્થાન રોયલ્સે 4.4 ઓવરમાં 1 વિકેટે 57 રન બનાવ્યા છે.

અન્ય એક મેચમાં પંજાબ કિંગ્સ દિલ્હી કેપિટલ્સને હરાવ્યું છે.

# JAIPUR - JUDGE SURYAKANT

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્તે આજે જણાવ્યું હતું કે જનતાને ન્યાયતંત્ર અને તેની સંલગ્ન સંસ્થાઓમાં ઊંડો વિશ્વાસ છે. આ વિશ્વાસ જાળવી રાખવો એ તમામ લોકોની સામૂહિક જવાબદારી છે. શ્રી સૂર્યકાન્ત જયપુરના સંવિધાન ક્લબ ખાતે "નિવૃત્તિ પછી ન્યાયતંત્રની ભૂમિકા" વિષય પરના સેમિનારને સંબોધિત કરી રહ્યા હતા. પૂર્વ ન્યાયમૂર્તિઓની ભૂમિકા પર ભાર મૂકતા, શ્રી સૂર્યકાન્તે કહ્યું કે ન્યાયતંત્રને મજબૂત બનાવવામાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ છે. .

આ પ્રસંગે, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોએ ઘણા સીમાચિહ્નરૂપ ચુકાદાઓ આપ્યા છે જેણે લાખો લોકોના જીવન પર સકારાત્મક અસર કરી છે.

રાજસ્થાન વડી અદાલતની એક પહેલ, યુનિફોર્મ રજીસ્ટ્રેશન નંબર સિસ્ટમ, આ પ્રસંગે શરૂ કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના પૂર્વ ન્યાયાધીશોના લેખોનો સંગ્રહ પણ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.